# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૨૩/૦૩/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૮૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૨૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૪૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૩૧ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ લકઝરી બસ, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૮૪/૨૦૨૫**

**નરોડાઃ** પ્રણવકુમાર નિતેશકુમાર પટેલ (ઉ.વ.૨૭) (રહે. ડુંગરવાડા તા.મોડાસા જી–અરવલ્લી) એ તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૪ થી તા.૧૯/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા અરોસ પાન પાર્લર ખાતે આરોપી ધવલ ચન્દ્રકાન્ત પટેલ (રહે. વૈષ્ણવી ગાર્ડન વ્યુ સોસાયટી વૈષ્ણોદેવી) એ પ્રણવકુમાર પટેલને તથા પ્રણવકુમાર પટેલના મિત્ર નાઓને જર્મની ખાતે જવા વર્ક વિઝા અપાવવાની વાત કરી પ્રણવકુમાર પટેલ તથા પ્રણવકુમાર પટેલના મિત્ર પાસેથી મળી કુલ રૂપિયા ૨૨,૩૦,૫૦૦/– મેળવી લઈ, જર્મની ખાતે જવા વર્ક વિઝા નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૩૮૫/૨૦૨૫**

**નારણપુરાઃ** કમલેશભાઈ મીઠાલાલ શાહ (ઉ.વ.૬૩) (રહે. શિવ સંકલ્પ સોસાયટી અમીકુંજ ચાર રસ્તા પાસે નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૩/૨૦૨૫ રાતના કલાક ૧/૫૦ થી સવારના કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.યુ.તરાલ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૩૮૬/૨૦૨૫**

**વાડજઃ** સીમાબહેન સાગરભાઈ દરજી (ઉ.વ.૨૬) (રહે. સેકટર–૭ રામેશ્વર મંદિર પાસે નિર્ણયનગર) તા.૧૭/૦૩/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ ડી–માર્ટ ચાર રસ્તા પહેલા નવા રોડ વાળા કટ નજીકથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સીમાબહેન દરજીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સીમાબહેન દરજીએ તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી